## આર્થિક સંકડામણે વધુ એક રત્નકલાકારનો ભોગ લીધો

સુરતઃ મૂળ ભાવનગરના વતની અને હાલમાં કતારગામ નારાયણ નગરમાં એકલા રહેતા 39 વર્ષીય ભગવાન છગનભાઈ રત્નકલાકાર તરીકે નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેણે રવિવારે બપોરે ઘરના પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. ભગવાન પડોશીઓને કાયમ કહેતા હતા કે હીરામાં બહુ મંદી છે, બહુ મંદી છે. હાલ પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે ભગવાને આર્થિક સંકડામણના કારણે આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે.

## અડાજણ બીએપીએસમાં સફાઈનું કામ કરતાં યુવકનો આપઘાત

સુરતઃ અડાજણ ખાતે રહેતા ગામીત પરિવારના યુવકે અગમ્ય કારણોસર ઘર પાસે ઝાડની ડાળી સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવક બી.એ.પી.એસમાં સાફ સફાઈનું કામ કરતો હતો. સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ વિસ્તારમાં આવેલ પ્રેમવતી ભોજનાલય ખાતે રહેતા 24 વર્ષીય વિપુલ રમેશ ગામીત બીએપીએસમાં સાફ સફાઈનું કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. તેનો અન્ય એક ભાઈ છે. વિપુલે રવિવારે ઘર પાસે ઝાડની ડાળી સાથે દોડી બાંધી રહસ્યમય સંજોગોમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

## હોડીબંગલામાં ઘરની દીવાલ ધસી પડતાં શ્રમજીવી યુવકનું મોત, મિત્રને ઈજા

સુરતઃ હોડીબંગલા ખાતે રહેતા શ્રમજીવી યુવક પર ઘરની દીવાલ ધસી પડતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ હોડી બંગલા ખાતે સોપારીવાળા કમ્પાઉન્ડમાં 29 વર્ષીય સિબુ મહેન્દી ખાન વતનના સાથી મિત્રો સાથે રહેતો હતો. સિબુ 24 એપ્રિલના રોજ રાત્રે ઘરમાં તેના મિત્ર સાથે આરામ કરી રહ્યો હતો. તે દરમિયાન એકાએક ઘરની દીવાલ સિબુ અને તેના મિત્ર ઉપર પડી હતી. અન્ય મિત્રો સિબુ અને તેના મિત્રને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન સિબુનું રવિવારે રાત્રે મોત નીપજ્યું હતું. આ ઘટનામાં મિત્રનો આબાદ બચાવ થયો હતો.

## યુકેના વિઝા, નોકરી અપાવવાના બહાને ઠગાઈ કરનાર મહિલા આરોપીની જામીનઅરજી કોર્ટે ફગાવી

સુરતઃ યુ.કે.ના વર્ક પરમિટ વિઝા અને ત્યાં નોકરી અપાવવાના બહાને રૂ.47 લાખની ઠગાઈ આચરવાના કેસમાં મહિલા આરોપીના આગોતરા જામીનઅરજી કોર્ટે નામંજૂર કર્યા હતા. કેસની વિગત એવી છે કે, પાર્લેપોઇન્ટ ખાતે યુવીન કન્સલ્ટન્સી કંપનીના પ્રોપાઇટર સાધનાબેન જયેન્દ્રસિંહ પાવર સામે સુરત ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઈ હતી કે, આરોપી સાધનાબેને અન્ય સહ આરોપી સાથેના મેળાપીપણામાં ત્રણ લોકોને યુનાઈટેડ કિંગડમના વર્ક પરમિટ વિઝા અને ત્યાં નોકરી અપાવવાનો ભરોસો આપી તેમની પાસેથી રૂ.47 લાખ પડાવી લીધા હતા. આ કેસમાં પોલીસ પકડથી બચવા માટે આરોપી સાધનાબેને આગોતરા જામીનઅરજી મૂકી હતી. સરકાર તરફે એપીપી વર્ષા પંચાલે આગોતરા જામીનઅરજીનો વિરોધ કર્યો હતો.

## રિંગ રોડ પર પાર્ક કરેલી બોલેરો પિકઅપમાંથી રોકડા 1.25 લાખ ચોરાયા

સુરતઃ પુણા વિસ્તારમાં આવેલ સહજ રો હાઉસમાં રહેતા પારસ ભાઈ મોહનભાઈ રાઠોડ ટેક્સટાઇલના વ્યવસાય સાથે સંકળાયેલા છે. 17 એપ્રિલ 2025ના રોજ તેઓ તેમની બોલેરો પીકઅપ ગાડી લઈ રિંગ રોડ ઉપર આવેલી એમ.જી માર્કેટની સામે કામ હોવાથી તેમણે બ્રિજ નીચે તેમની બોલેરો પાર્ક કરી હતી. આ દરમિયાન તેમની બોલેરોમાંથી રોકડા રૂપિયા સવા લાખ ચોરાઇ ગયા હતા.

# શહેરની સ્થિતિ ગંભીર, તાવ-ઊલટીમાં બે બાળકનાં મોત

**સચિનમાં** ભેદી તાવ ત્રણ વર્ષના બાળકને ભરખી ગયો

**પાંડેસરા** ખાતે રહેતા શ્રમજીવી પરિવારના 11 વર્ષના બાળકનું ઊલટીમાં મોત



સુરતઃ શહેરમાં ઝાડા, તાવ અને ઉલટીના કારણે મોતને ભેંટનારાઓની સંખ્યા ગંભીર રીતે વધી રહી છે. આજે પણ તાવને કારણે ત્રણ વર્ષના અને ઉલટીના કારણે 11 વર્ષના બાળકનું મોત થયું હતું .સચિન ખાતે સંચા મશીનમાં કામ કરતા યુવાનના ત્રણ વર્ષીય બાળકને છેલ્લા બે-ત્રણ દિવસથી તાવ આવતો હોવાથી પરિવારજનો ખાનગી દવાખાનામાંથી દવા લાવી તેને પીવડાવતા હતા. જો કે રવિવારે બાળકની તબિયત વધુ ખરાબ થઈ જતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે બાળકને મૃત જાહેર કર્યો હતો.

સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ જૂનાગઢના વતની અને હાલ સચિન આસોપાલવ સોસાયટીમાં રહેતા વિજયભાઈ ડોબરીયા હોજીવાલા ખાતે સંચા ખાતામાં કામ કરે છે. તેમના એકના એક 3 વર્ષના પત્ર દિવ્યને છેલ્લા બે-ત્રણ દિવસથી તાવ આવતો હતો. જેથી નજીકના ખાનગી દવાખાનામાંથી દવા લાવી તેને પીવડાવતા હતા. આજે સવારે દિવ્યની તબિયત અચાનક વધુ લથડતા બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

જ્યારે બીજા બનાવમાં મૂળ ઓરિસ્સાના વતની અને હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલ આશાપુરી સોસાયટીમાં રહેતા હિના ગૌડ મજૂરી કામ કરી પરિવારમાં પત્ની અને બે સંતાનનું ગુજરાન ચલાવે છે. હિના ભાઈના બે સંતાન પૈકી પુત્ર 11 વર્ષીય બાદલને બે દિવસથી ઝાડા અને ઊલટી થઈ રહ્યા હતા. જેથી પરિવારજનોએ ઘર નજીકથી દવા લાવી તેને પીવડાવી હતી. દરમિયાન રવિવારે બપોરે તેની તબિયત વધુ લથડતા તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વધુ તપાસ પાંડેસરા પોલીસ કરી રહી છે.

### 1 એપ્રિલથી 28 એપ્રિલ સુધીના ઝાડા ઊલટી અને તાવમાં મૃત્યુ પામેલાની યાદી

01 સંજય ભાઈ લક્ષ્મણ ભાઈ રાઠોડ (ઉ.વ.50,રહે.ઝીંગા સર્કલ નાનપુરા)
02 રૂહી પ્રદીપ ભાઈ માલી ( ઉ.વ. 8 મહિના રહે. પ્રભુનગર ઉધના)
03 મોહન લાલ જમનાદાસ પસ્તાગીયા ( ઉ.વ. 82 રહે. હરીનગર ઉધાન)
04 નિધિ બેન કેવિન ભાઈ માવલિયા ( ઉ.વ. 26 રહે. પ્રિન્સેસ બંગલોઝ વાલક પાટિયા)
05 મોહમ્મદ અલતમા રાશિદ ( ઉ.વ.1 રહે. મહાપ્રભુ નગર લિંબાયત)
06 સંદયાળ રામ આંચલ યાદવ ( ઉ.વ. 36 રહે. પાલનપુર જકાત નાકા રાંદેર)
07 શુભન અવધેશ ભાઈ ( ઉ.વ. 12 રહે બિહાર થી સુરત જીજાજીના ઘરે બજરંગ નગર વરાછા )( વેકેશન કરવા આવેલો હતો.)
08 ઉત્સવ મુકેશ ગેરસિયા ( ઉ.વ. 26 રહે. સગુન હાઇટ્સ ઉત્રાણ )
09 ભાઈદાસ પંડિત દેવરે ( ઉ.વ. 41 રહે . ત્રિલોક સોસાયટી વેડરોડ )
10 બાદલ હિના ગૌડા ( ઉ.વ. 10 રહે. આશાપુરી પાંડેસરા )
11 દિવ્ય વિજય ડોબારીયા ( ઉ.વ. 3 રહે. આસોપાલવ સોસાયટી સચિન )

# સાડીના કારખાનાઓમાં બાળકો પાસે ૧૨ કલાક કાળી મજૂરી કરાવાઇ છે

**પુણામાં** સાડીના કારખાનામાંથી છ બાળ મજૂરોને પોલીસે ઉગારી લીધા

સુરત : પુણાગામ પોલીસે બે અલગ અલગ ઘરોમાં રેઇડ કરી હતી. અહીં બાળમજૂરો પાસે કામ કરાવવામાં આવતું હતું. અહીંથી પોલીસે છ બાળમજૂરોને મુક્ત કરાવ્યા હતાં.

પુણાગામ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં બાળ મજુરી લગતી પ્રવૃતિ ચાલે છે કે નહીં? તેની જાણકારી મેળવવા માટે પીઆઇ વી.એમ.દેસાઈના માર્ગદર્શન હેઠળ શી ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે એવી બાતમી મળી હતી કે સીતારામ સોસાયટીમાં આવેલા ઘર નં-એબી/૩૧૬ તથા બી/૩૧૪ માં દિલીપસિંગ વરદીસિંગ રાજપૂત તથા સુરેસિંગ નાથુસિંગ ખરવડના ખાતાઓ ઉપર બાળશ્રમિકોને રાખી તેમની પાસેથી મજૂરી કરાવવામાં આવી રહી હતી, જેથી પોલીસ દ્વારા રેઇડ કરવામાં આવી હતી અને કુલ 6 બાળકોને કાળી મજૂરીની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે શહેરમાં મોટાભાગે જુદી જુદી કાપડ માર્કેટ, એમ્બ્રોઇડરી, જોબવર્ક સહિતના ખાતાઓમાં સગીરવયના બાળકોને કામ ઉપર રાખી તેમની પાસેથી વધારાના કલાકો કામ કરાવી તેમનું શોષણ કરવામાં આવતું હોય છે. આવા કિસ્સાઓ અવાર નવાર સામે આવતા હોય તેમજ સ્થાનિક પોલીસ દવારા સમયાંતરે કાર્યવાહી પણ કરવામાં આવે છે,જોકે બાદમાં બધું જૈસે થે તેવું થઇ જાય છે,જોકે એક વાર ફરીથી પોલીસ સક્રિય બની ગઇ છે અને બાળમજૂરી વિરુદ્ધ કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે.

## ફેશન ઇન્ડસ્ટ્રીના વિદ્યાર્થીઓએ રેમ્પવોક કર્યું



■ સુરત ટેક્સટાઇલ સિટી હોવાથી અહીં એપેરલ ઇન્ડસ્ટ્રીને મોટો અવકાશ છે. જેના કારણે વિદ્યાર્થીઓ હવે ફેશન ડિઝાઇનિંગમાં કેરિયર બનાવવાનું પસંદ કરી રહ્યાં છે ત્યારે સુરતની એક ફેશન ઇન્સ્ટિટ્યુટ દ્વારા આયોજીત ફેશન શોમાં વિદ્યાર્થીઓએ રેમ્પવોક કર્યું હતું. (તસવીર હેમંત ડેરે)

## ફેંટા અને સાફાની દુકાનનો એકાઉન્ટન્ટ ગ્રાહકોના રૂપિયા પત્નીના ખાતામાં ટ્રાન્સફર કરતો હતો

**શેઠની** જાણ બહાર ઠગબાજે દોઢ વર્ષમાં 17.73 લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા

સુરતઃ કાપોદ્રાના કિરણચોક વિસ્તારમાં રહેતા ફેંટા-સાફાના વેપારી સાથે તેના એકાઉન્ટન્ટે રૂપિયા 17.73 લાખની છેતરપિંડી કરી છે. કાપોદ્રા કિરણચોક ખાતે આવેલી ભગવતી કૂપા સોસાયટીમાં રહેતા અનિલભાઈ રામજીભાઈ ખૂંટ સોસાયટી માંજ અવસર ફેટવાળાના નામે ફેટા-સાફાની દુકાન ચલાવે છે.વેપારી અનિલભાઈએ તેમની ધંધાકીય પેઢીમાં એકાઉન્ટન્ટ તરીકે ધ્રુવકુમાર દિનેશ ઉર્ફે દિનકર પંડ્યા (રહે, ઓમ પેલેસ, શાલીગ્રામ, પાસોદરા) ને નોકરી પર રાખ્યો હતો.દરમિયાન ધ્રુવકુમારે તેની પત્ની અક્ષિતા અને માતા હંસાબેન સાથે મળી ગત તા. 27નવેમ્બર 2024 થી 19 જાન્યુઆરી 2025ના સમયગાળામાં એકબીજાની મદદથી વેપારી અનિલભાઈની જાણ બહાર અલગ અલગ ખાતામાં કુલ રૂપિયા 17,73,294 /- ટ્રાન્સફર કરાવી તેમની સાથે ધંધાકીય ઉચાપત કરી હતી.બનાવ સંદર્ભે કાપોદ્રા પોલીસે વેપારીની ફરિયાદને આધારે પોતાના એકાઉન્ટન્ટ ધ્રુવકુમાર, પત્ની અક્ષિતા અને માતા હંસાબેન સહીત પંડ્યા પરિવાર સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447

## પુણાગામના રત્નકલાકારને દાંતના દવાખાનામાં જ એટેક આવી ગયો

**સિંગણપોરમાં** માત્ર 29 વર્ષનો સિવિલ એન્જિનિયર ઘરમાં બેભાન થઇ ગયા બાદ મોત

સુરત : શહેરમાં બેભાન થઈ ગયા બાદ મોતના બે બનાવમાં સિંગણપોર ખાતે રહેતા સિવિલ એન્જિનિયરનું બેભાન થઈ ગયા બાદ મોત નીપજ્યું હતું. જ્યારે વરાછા ખાતે રહેતા યુવાનનું દાંતના દવાખાનામાં બેભાન થઈ ગયા બાદ મોત નિપજ્યું હતું.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ અમરેલી સાવરકુંડલાના વતની અને હાલમાં સિંગણપોર ખાતે આવેલી દેવ રેસિડેન્સીમાં રહેતા 29 વર્ષીય ચિરાગ ગોવર્ધન પરમાર સિવિલ એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા. તેમના પરિવારમાં પત્ની અને એક પુત્ર છે. ચિરાગભાઈ રવિવારે ઘરે અચાનક એકાએક બેભાન થઈ ઢળી પડ્યા હતા. જેથી પરિવારજનો તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વધુ તપાસ સિંગણપોર પોલીસ કરી રહી છે.

બીજા બનાવમાં મૂળ ભાવનગરના વતની અને હાલમાં વરાછા વિસ્તારમાં આવેલી રવિ પાર્ક સોસાયટીમાં રહેતા 40 વર્ષીય હેમંત ગોવર્ધન ડાભી રત્નકલાકાર તરીકે નોકરી કરી પરિવારમાં પત્ની અને એક પુત્રીનું ગુજરાન ચલાવતા હતા. હેમંતભાઈ રવિવારે બપોરે વરાછા કુબેરનગર ખાતે દાંતના દવાખાનામાં પત્નીની સારવાર કરવા માટે ગયા હતા. દરમિયાન દાંતના દવાખાનામાં એકાએક હેમંતભાઈ બેભાન થઈ ઢળી પડ્યા હતા. જેથી પરિવારજનો તેમને 108 દ્વારા સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે હેમંતભાઈ ને મૃત જાહેર કર્યા હતા. અંગે વધુ તપાસ વરાછા પોલીસ કરી રહી છે.

## પાકિસ્તાનના બિલાવલમાં હિંમત હોય તો ભારતમાં પગ મૂકી જુએ: સીઆર પાટીલ

**બિલાવલે** કહ્યું હતું કે, સિંધુ સાગરમાં કાં તો પાકિસ્તાન માટે પાણી વહેશે અથવા ભારતીયોનું લોહી વહેશે



સુરતઃ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાના પગલે ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળ સંધિ સ્થગિત કરવાની સાથે લીધેલા અન્ય નિર્ણયોને પગલે પાકિસ્તાન બોખલાઈ ગયું છે. પાકિસ્તાન તરફથી આ મુદ્દે ઉશ્કેરણીજનક નિવેદનો આવી રહ્યાં છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ ધમકી આપતાં કહ્યું હતું કે, “ક્યાં તો સિંધુ નદીમાં પાણી વહેશે, ક્યાં તો ભારતીયોનું લોહી વહેશે.”

આ નિવેદનના જવાબમાં ગઈકાલે સુરતના પુણા-કુંભારિયા વિસ્તારમાં રબારી સમાજના જળ સંરક્ષણ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પાકિસ્તાનને સણસણતો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું, “ભારત પાકિસ્તાનની ધમકીઓથી ડરવાનું નથી. જો પાકિસ્તાનમાં હિંમત હોય તો ભારતની ધરતી પર પગ મૂકીને બતાવે.” પાટીલે બિલાવલને સંબોધીને કહ્યું હતું કે, “ ભાઈ, અમે ધમકીથી ડરતા નથી. તારામાં તાકાત હોય તો આવી જા. એક ટીપું પણ પાણી પાકિસ્તાનને નહીં જાય.”

## સગીર બાળકીના શરીરમાં થતા જૈવિક ફેરફારો સમજવા માતા જ સૌથી શ્રેષ્ઠ વાલી બની શકે: કોર્ટ

**પાંચ** વર્ષની બાળકીનો કબજો મેળવવા પિતાએ કરેલી અરજી કોર્ટે ફગાવી

**સપ્તાહમાં** બે દિવસ શનિ-રવિ પિતા બાળકીને મળી શકે તેવો કોર્ટનો હુકમ

સુરતઃ સગીર બાળકીના શરીરમાં જૈવિક ફેરફારો થાય ત્યારે એક માતા જ પુત્રીઓને સારી રીતે માહિતગાર કરી શકે તેમજ સમજાવી શકે છે. આવા સમયે એક માતા જ સૌથી સારી રીતે સગીરાની સંભાળ રાખીને શ્રેષ્ઠ વાલી બની શકે છે. તેવું ટાંકીને કોર્ટે પિતાએ બાળકીનો કબજો મેળવવા કરેલી અરજી નામંજૂર કરી દીધી છે. અલબત્ત કોર્ટે પિતાને બાળકીને મળવા માટે પરવાનગી આપી છે.

કેસની વિગત એવી છે કે, પારલે પોઈન્ટ પાસેની એક સોસાયટીમાં રહેતા આયુષ અને કતારગામમાં રહેતી આયુષી (બંનેના નામ બદલ્યા છે) વચ્ચે પ્રેમસબંધ હતો. પ્રેમસંબંધ દરમિયાન આયુષીને ત્રણેક માસનો ગર્ભ રહી ગયો હતો. બાદમાં બંનેએ 2018માં પ્રેમલગ્ન કરી લીધા હતા, જેમાં એક બાળકીનો જન્મ થયો હતો. દંપતી વચ્ચે ઝગડાઓ વધતા આયુષી પિયર રહેવા જતી રહી હતી. ત્યારબાદ આયુષે કોર્ટમાં લગ્ન પુનઃ સ્થાપનની અરજી કરી હતી. જેમાં પત્ની આયુષી એડવોકેટ અશ્વિન જોગડિયા મારફતે કોર્ટમાં હાજર થઈ હતી. તેમાં પતિ કંઈ કમાતો નથી, તેની પોતાની કોઈ આવક નથી અને પત્નીની તેમજ બાળકીની જરૂરિયાતો પૂર્ણ કરવા સક્ષમ પણ નથી, તો પતિ સાથે રહેવા માટે પત્ની પાસે કોઈ કારણ નથી, તેવું ટાંકીને આયુષે કરેલી અરજી કોર્ટે નામંજૂર કરી દીધી હતી.

ત્યારબાદ આયુષે 5 વર્ષની બાળકીનો કબજો લેવા માટે કોર્ટમાં અરજી કરી હતી. જેમાં પત્ની તરફે એડવોકેટ અશ્વિન જોગડિયાએ દલીલો કરતા કહ્યું કે, કોઈપણ સ્ત્રીમાં ઉંમરની સાથે જૈવિક ફેરફારો થાય છે, તે એક સ્ત્રી સમજી શકે છે. આ કેસમાં બાળકીની ઉંમર પાંચ વર્ષની છે અને તેના શરીરમાં ઉંમર સાથે જૈવિક ફેરફાર આવશે ત્યારે તેની માતા જ શ્રેષ્ઠ વાલી બની શકે છે. બાળકી પોતાની માતા સાથે મિત્રભાવે તમામ રજૂઆત કરી શકે છે. જૈવિક ફેરફારો અંગે બાળકી પોતાના પિતાને કશું કહી શકતી નથી. કોર્ટે આ તમામ દલીલો માન્ય રાખીને પિતાએ કરેલી અરજી નામંજૂર કરી દીધી છે અને બાળકીનો કબજો માતાને સોંપવા હુકમ કર્યો છે. જો કે શનિ અને રવિવાર એમ સપ્તાહમાં બે દિવસ પિતા બાળકીને મળી શકે તેવો હુકમ કોર્ટે કર્યો છે.

## લિફ્ટમાં ફસાયેલો યુવક બહાર નીકળવા ગયો ને લિફ્ટ ચાલુ થઇ જતાં મોત

**ભેસ્તાન** એમ્બ્રોઇડરી ખાતામાં સામાન લઈ જતી વખતે દુર્ઘટના બની

સુરતઃ પાંડેસરા ખાતે એમ્બ્રોઇડરીના ખાતામાં લિફ્ટમાં માલસામાનની હેરાફેરી કરતાં કામદાર યુવક લિફ્ટ બંધ થઈ જતાં અંદર ફસાઈ ગયો હતો. દરમિયાન યુવક લિફ્ટમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરતો હતો તે વેળા અચાનક લિફ્ટ ચાલુ થઈ જતાં તેને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી ગંભીર ઈજાને પગલે તેનું મોત થયું હતું.

સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ પાંડેસરા આંબેડકર ચોક નજીક રહેતા 20 વર્ષીય રાહુલ સુરેન્દ્ર પંડિત પાંડેસરા ખાતે એમ્બ્રોઇડરીના ખાતામાં કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. રવિવારે રાત્રે રાહુલ ખાતામાં લિફ્ટમાં માલ-સામાન ફેરવતો હતો. તે વખતે રાહુલ લિફ્ટમાં સામાન ભરી જતો હતો. દરમિયાન લિફ્ટ અચાનક બીજા અને ત્રીજા માળની વચ્ચે બંધ પડી ગઈ હતી. જેથી રાહુલ લિફ્ટની બહાર નીકળવાનો પ્રયાસ કરતો હતો. ત્યારે લિફ્ટ અચાનક ચાલુ થઈ જતાં રાહુલને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી ખાતાના મેનેજર તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે લઇ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વધુ તપાસ ભેસ્તાન પોલીસ કરી રહી છે.

## સ્મીમેર જ બીમાર, કેમ્પસમાં ગંદા પાણીથી દર્દીઓનું દર્દ વધ્યું

**બે** દિવસથી નર્કાગારની સ્થિતિ છતાં સ્મીમેરનું તંત્ર જાણે નિદ્રાધીન, ઠેર ઠેર ગંદા ખાબોચિયાથી ચાલવું પણ મુશ્કેલ



સુરતઃ સુરત મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ, જે ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો માટે આશીર્વાદ સમાન છે, તે હાલમાં ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહી છે. દરરોજ 3000થી વધુ દર્દીઓ સારવાર માટે આ હોસ્પિટલમાં આવે છે, પરંતુ હોસ્પિટલની હાલત એવી થઈ ગઈ છે કે તેને જ સારવારની જરૂર લાગે છે. કેમ કે છેલ્લા બે દિવસથી હોસ્પિટલના કેમ્પસમાં ગટરના પાણી લાઈન ઉભરાવાને કારણે ગંદુ પાણી વહી રહ્યું છે. આ ગંદુ પાણી ઈમરજન્સી વિભાગની પાછળની કેન્ટીન પાસેથી શરૂ થઈ, કેમ્પસના મુખ્ય રોડ અને રેલવે ગરનાળા સુધી ફેલાઈ ગયું છે. આ ગંદા પાણીના ખાબોચિયાંએ હોસ્પિટલનાં કેમ્પસને દુર્ગંધયુક્ત બનાવી દીધું છે, જેના કારણે દર્દીઓ, તેમના સ્વજનો અને પસાર થતા લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

હોસ્પિટલના અધિકારીઓની બેદરકારી આ સમસ્યાનું મુખ્ય કારણ છે. ગટરના ગંદા પાણીની સમસ્યાને હજુ સુધી ઉકેલવામાં આવી નથી, જેના કારણે હોસ્પિટલની હાલત વધુ ખરાબ થઈ રહી છે. આ ગંદકીને કારણે દર્દીઓ અને તેમના સ્વજનોને બીમારીનું જોખમ વધી ગયું છે. અધિકારીઓની ઉદાસીનતા એટલી હદે છે કે તેઓ આ ગંભીર સમસ્યા પ્રત્યે નિંદ્રામાં હોય તેવું લાગે છે. ગંદા પાણીની તીવ્ર દુર્ગંધ અને અસ્વચ્છ વાતાવરણને કારણે હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ અને તેમના સ્વજનોની હાલત કફોડી થઈ ગઈ છે. જે લોકો બીમારીની સારવાર માટે હોસ્પિટલમાં આવે છે, તેઓને આ ગંદકીને કારણે વધુ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જો આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં નહીં આવે, તો હોસ્પિટલની ગંદકી દર્દીઓ અને તેમના સ્વજનોને વધુ બીમાર કરી શકે છે.

## આવતીકાલે મનપાની સામાન્ય સભા : આતંકી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી સભા મુલતવી રહે તેવી શક્યતા

સુરતઃ સુરત મનપાની સામાન્ય સભા 30મી તારીખે મળનારી છે. આ વખતે સામાન્ય સભામાં સિટી ઈજનેરની નિમણુંક રદ કરતી દરખાસ્ત સહિતના મુદ્દે શાસકો વિપક્ષ સામે બેકફુટ પર આવે તેવી શકયતા હતી. જો કે, તાજેતરમાં કાશમીરના પહેલગામમાં આતંકી હુમલામાં 28 પર્યટકનાં મોતથી દેશ હચમચી ઉઠ્યો છે ત્યારે સભામાં આ મૃતકોને શ્રદ્ધાંજલિ આપી સભા મુલતવી રહે તેવી શકયતા છે.

મનપા વિપક્ષ દ્વારા પણ આતંકવાદીઓના હાથે મોતને ભેટેલા પર્યટકોનાં શોકમાં સભા મુલતવી રાખવા લેટર પાઠવાયો છે. જો કે શાસકો 10 વાગ્યે મળનારી સામાન્ય સભા મુલતવી રાખ્યા બાદ તુરંત નવેસરથી સભા બોલાવે તેવી શકયતા પણ છે.

## સુરતમાં રોજની 23 રિક્ષાઓનું રજિસ્ટ્રેશન, જે પૈકી ઈ-રિક્ષા માત્ર 3 જ



**ઇ-રિક્ષાને** પ્રોત્સાહન આપવા મનપા દ્વારા વર્કશોપ યોજાયો

સુરતઃ શહેરમાં ઈલેક્ટ્રિક વાહનોનું પ્રમાણ વધે તે માટે ઘણા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ તેમ છતાં શહેરમાં હજી ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા ઓછા પ્રમાણમાં છે. શહેરમાં જૂન 2024 સુધીમાં કુલ નોંધાયેલા 21,91,755 વાહનોમાંથી માત્ર 55,370 ઈલેક્ટ્રિક વાહનો છે, એટલે કે કુલ વાહનોના માત્ર 2.53% EV છે. રાજ્ય સરકાર દ્વારા ઈલેક્ટ્રિક વાહનો માટે સબસિડી પણ આપવામાં આવે છે તેમજ સુરત મનપા દ્વારા ઈ-વ્હિકલને પાર્કિંગ ચાર્જમાંથી પણ મુક્તિ આપવામાં આવી છે. તેમ છતાં શહેરમાં હજી નિરસ પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. જેથી સુરત મનપા દ્વારા રવિવારે ભાઠેના કોમ્યુનિટી હોલ ખાતે ઈ-વ્હિકલ જાગૃતતા માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરમાં દરરોજ 22 થી 23 રિક્ષાનું વેચાણ થાય છે, જેમાંથી 2 થી 3 ઈ-વી રિક્ષા હોય છે. જેથી મહત્તમ લોકો ઈલેક્ટ્રિક રિક્ષા ખરીદે તે માટે મનપા દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.